ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૧૯ | ૧૮ ઓક્ટોબર, ૨૦૧૨, ગુરૂવાર; આસો સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જિલ્લામાં ૫૪ હજાર 'આધાર' કાર્ડ અપાયા

આધારકાર્ડની યોજના અમલી બન્યા બાદ જિલ્લામાં કામગીરી ગતિશીલ બની

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં 'આધાર' કાર્ડની યોજના અમલી બન્યા બાદ ૫૪ હજાર લોકોએ જ આ કાર્ડ મેળવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં ૧લી મે થી આ કાર્ડ આપવાની યોજના અમલમાં મુકવામાં આવી છે. પાંચ મહિના દરમ્યાન ૫૪ હજાર લોકોએ જ આ કાર્ડ મેળવ્યા છે.

આ કાર્ડ માટે જે ફોટોગ્રાફ્સ અને બાયોમેટ્રીક મેળવવા માટેની કામગીરી અત્યંત ધીમી હોવાની રજુઆતો જિલ્લાતંત્રને કરવામાં આવી છે તેમજ ફોર્મનું સરળીકરણ નહિ હોવાથી લોકોને તે ભરવામાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

જિલ્લા તંત્રએ આ માટે અલાયદુ હેલ્પડેસ્ક જનસેવા કેન્દ્ર ખાતે શરૂ કરવુ જોઈએ તેવી માંગ પણ ઉઠી છે એટલુ જ નહિ આ કાર્ડની બધી વિગતો સહિતની કામગીરી સંપન્ન થયા બાદ કાર્ડ મેળવવા માટે પણ સારો એવો સમય વ્યતિત થતો હોવાની રજુઆતો જિલ્લાતંત્રને કરવામાં ાવી છે. ૧ માસ જેટલો સમય આ યુનિક આઈડી મેળવવામાં જાય છે.

જિલ્લા તંત્રએ આ માટે જવાબદાર એજન્સીનું પણ ધ્યાન દોર્યું હોવા છતાં એજન્સી દ્વારા હજુ તેની કામગીરીમાં સુધાર માટેનું નક્કર આયોજન થયું નથી.

યુનિક આઈડી કાર્ડની યોજના ભારત સરકારની છે. આ કાર્ડ માટે ભારત સરકારે નાણાંકીય સહાય પણ ગુજરાત સરકારને આપી છે. આ માટે રાજ્ય સરકારે પણ સામાન્ય વહીવટ વિભાગમાં એક પ્રભાગ ઉભો કર્યો છે.

જિલ્લામાં આ યોજનાના અસરકારક અમલીકરણને લઈ પણ ઉદાસીન વલણ એજન્સી અને તંત્ર દાખવી રહ્યું છે. કલેક્ટર કચેરી ઉપરાંત શહેરના અન્ય જાહેર સ્થળો પર પણ આ કાર્ડ આપવાનું આયોજન થાય તે જરૂરી છે.

જિલ્લામાં ય ખાસ કરીને જે ૫૪ હજાર લોકોએ આ યુનિક કાર્ડ મેળવ્યા છે તેમાં ગાંધીનગર શહેરનો જ આંક મોટો છે જ્યારે અન્ય શહેરી વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારમાં અત્યંત ઉદાસીન વલણ અપનાવવામાં આવી રહ્યું છે.

(તસવીર : દિપક જાની)

નવરાત્રી એટલે ભક્તિની મોસમ, નવરાત્રી એટલે ઉમંગનો ઉત્સવ, નવરાત્રી એટલે યૌવનનો ઉત્સાહ, નવરાત્રી એટલે ગાવાનો તહેવાર, નવરાત્રી એટલે ઝૂમવાનું પર્વ, નવરાત્રી એટલે નાચવાનો અવસર, નવરાત્રી એટલે ભાતીગળ વસ્ત્રોનો ભરચક્ક મેળો અને નવરાત્રી એટલે ખેલતા જુવાનો ને નાચતી જુવાનડીઓનો ગમતીલો ઉત્સવ. ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણે પ્રથમ નોરતે લેવામાં આવેલી આ તસવીર નવરાત્રીની આ બધી જ વ્યાખ્યાઓનો સાકાર કરી રહી હોય એવું લાગે છે.

જિલ્લામાં વધુ ચાર લાખ ફલાઈંગ સ્કવોડે પકડ્યા

મહુન્દ્રા પાટીયા પાસે રોકડની હેરાફેરી સર્વેલન્સ ટીમે પકડી

ગાંધીનગર, તા. ૧૭

ચિલોડા-હિંમતનગર હાઈવે પર મહુન્દ્રા પાટિયા પાસે આજે જિલ્લાની ફલાઈંગ સ્કવોડે એક ગાડીને અટકાવી અને તેની તપાસ કરતાં રૂ. ચાર લાખથી વધુની રોકડ રકમ પકડી પાડી હતી.

ગાંધીનગર જિલ્લામાં ચોથુ વાહન આ રોકડ રકમ લઈ જતાં પકડાવા પામ્યું છે. આ રોકડ રકમ હિંમતનગરથી લઈ અમદાવાદ લઈ જવામાં આવતી હોવાનું જણાયું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ફલાઈંગ સ્કવોડે પકડેલી આ ગાડી સાબરકાંઠાનું પાસિંગ ધરાવે છે. જીજે-૯-બીબી-૪૦૪૩ નંબરની આ સ્વીફ્ટ ગાડી અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં રહેતા કુંદનસિંહ બી. રાઠોડની ટીમે પુછપરછ કરી હતી.

રોકડ રકમ અંગેની જાણ તાત્કાલિક ઈન્કમટેક્ષ વિભાગને કરવામાં આવી હતી અને ઈન્કમટેક્ષના અધિકારીઓએ ત્યાં દોડી જઈ આગળની તપાસનો દોર સંભાળી લીધો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસમાં ચોથુ વાહન રોકડ રકમની હેરાફેરીમાં પકડાવા પામ્યું છે. તંત્ર દ્વારા જિલ્લામાં રોકડ રકમની હેરાફેરી થતી અટકાવવા માટે ફલાઈંગ સ્કવોડ ઉપરાંત સ્ટેટીક સર્વેલન્સ ટીમો રચવામાં આવી છે અને આ ટીમોએ તેમની કામગીરી વધુ સઘન બનાવી દીધી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે પકડાયેલ આ ગાડી ફલાઈંગ સ્કવોર્ડે પીછો કરી અને પકડી પાડી હતી.

સામાન્ય નાગરિકની 'રોકડ'ગીરીમાં પરેશાની સામે પણ પગલાં લેવાશે

ગાંધીનગર, તા. ૧૭

સ્ટેટીક સર્વેલન્સ ટીમ અને ફલાઈંગ સ્કવોડની કામગીરીને મોનીટરીંગ કરવા માટે જિલ્લા કલેક્ટરોને તાકીદ કરવામાં આવી હોવાનું જણાવતાં રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતિ કરવાલે જણાવ્યું હતુ કે સ્ટેટીક સર્વેલન્સના કર્મચારીઓને ફરજનું સ્થળ રેન્ડમાઈઝેશન કરી આપવામાં આવે છે.

ખોટી રંજાડ સામે કડક પગલાંની ચીમકી

આજે ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે સ્ટેટીક સર્વેલન્સ ટીમમાં એક એકઝી. મેજીસ્ટ્રેટ હોય છે તેમજ પોલીસ કર્મચારીઓ પણ હોય છે. તેમણે જણાવ્યું હતું કે સ્ટેટીક સર્વેલન્સની ટીમ દ્વારા કોઈ સામાન્ય માનવીને ખોટી રંજાડ કરવામાં આવી છે તો પંચ તેની સામે પગલાં લેતાં

● અનુસંધાન પાન-૭ પર

ભાજપના પૂર્વ ધારાસભ્ય ડૉ. જીતુ પટેલ સહીત ત્રણ આગેવાનો ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાયા

ગાંધીનગર, તા.૧૭

ચૂંટણીઓ નજીક આવતાં જ નારાજ આગેવાનો કાર્યકરોને તોડવાના પ્રયાસો રાજકીય પક્ષો દ્વારા શરુ કરવામાં આવ્યા છે. આજે અમદાવાદના સાબરમતી મતવિસ્તારના ભાજપના પૂર્વ ધારાસભ્ય જીતુ પટેલ સહીત અમદાવાદ પશ્ચિમ વિસ્તારના ભાજપના ચાર આગેવાનો ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાઈ ગયા છે.

ડૉ. જીતુભાઈ પટેલ અમદાવાદ સાબરમતી મતવિસ્તારમાંથી ભાજપના ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતાં. ગત ૨૦૦૭ની ચૂંટણીમાં તેમને ટીકીટ ન આપતાં તેઓ છેલ્લા પાંચ વર્ષથી ભાજપની પ્રદેશ નેતાગીરીથી નારાજ હતાં.

આખરે આજે ભાજપના પૂર્વ ધારાસભ્ય ડૉ. જીતુભાઈ પટેલ ભાજપને અલવીદા કરીને કોંગ્રેસમાં જોડાઈ ગયા છે. જીતુભાઈ પટેલની સાથે અમદાવાદ પશ્ચિમ વિસ્તારના ભાજપના અન્ય ત્રણ આગેવાનો રમેશ દુધવાલા, કમલેશ શાહ, ભરત પટેલ અને અમૃત પટેલ પણ ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાઈ ગયા હતાં.

10,000+ થી વધુ જગ્યાઓ માટે
GPSC 1350+ જગ્યાઓ!
8000+ જગ્યાઓ! ગુજરાત સરકાર
1400+ જગ્યાઓ!
TCCI EDU. PVT. LTD.
ગાંધીનગર મહેસાણા વિદ્યાનગર પાટણ વિસનગર પાલનપુર
HELPLINE NO 95740 04327 93287 14508
તા.29-11-2012 થી નવી બેચ શરૂ... !!!